# ACPC એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્ષિસ

એલ. ડી. કોલેજ ઓફ એન્જિનીયરીંગ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

## ધો. ૧૨ પછીના ડિગ્રી હોટેલ એન્ડ ટુરીઝમ મેનેજમેન્ટ (B.H.T.M.) અભ્યાસક્રમમાં ઓફ લાઈન પ્રવેશ કાર્યક્રમ પ્રવેશ વર્ષ - ૨૦૧૭

ગુજરાત રાજયમાં ચાલતાં ધો. ૧૨ પછીનાં ડિગ્રી હોટેલ એન્ડ ટુરીઝમ મેનેજમેન્ટ (BHTM) અભ્યાસક્રમમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓ માટે રાજ્ય સરકારે પ્રવેશ વર્ષ-૨૦૧૭ દરમ્યાન ઓફ લાઈન પ્રવેશ પ્રક્રિયા કરવાનું નક્કી કરેલ છે, જેની કાર્યવાહી આગામી તા. ૧૯-૦૬-૨૦૧૭ નાં રોજથી શરૂ થનાર છે. માર્ગદર્શન માટે પ્રવેશ સમિતિનાં ૨૪ કલાક કાર્યરત હેલ્પ લાઈન નંબર : **૦૭૯-૨૬૫૬૬૦૦૦** ઉપર આપ સંપર્ક કરી શકો છો.

**પ્રવેશ યોગ્યતા :** ધો. ૧૨ ની પરીક્ષા કુલ ગુણનાં ૪૫% (અનામત વર્ગના ઉમેદવારો માટે ૪૦%) કે તેથી વધુ સાથે માન્ય બોર્ડ પૈકી કોઈ પણ એકજ બોર્ડમાંથી તમામ વિષયોમાં ઉતિર્ણ થયેલ હોય

સદર પ્રવેશ કાર્યવાહી માટે જરૂરી Application Form (અરજી પત્ર) www.jacpcldce.ac.in ઉપર ઉપલબ્ધ છે. આ Application Form (અરજી પત્ર) ની પ્રિન્ટ લઈ જરૂરી માહિતી ભરીને અરજી પત્રકમાં દર્શાવ્યા મુજબના જરૂરી પ્રમાણપત્રોની સ્વપ્રમાણિત નકલ તથા "Admission Committee For Professional Courses", Payable at Ahmedabad ના નામનો રૂા. ૩૫૦/- નો ડીમાન્ડ ડ્રાફ્ટ (Non Refundable) જોડી નીચે દર્શાવ્યા મુજબનાં હેલ્પ સેન્ટર ખાતે તા. ૧૯-૦૬-૨૦૧૭ થી તા. ૨૭-૦૬-૨૦૧૭ દરમ્યાન અસલ પ્રમાણપત્રો સાથે ચકાસણી કરાવીને જમા કરાવવાના રહેશે.

(૧) **એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્ષિસ,** એલ. ડી. કોલેજ ઓફ એન્જિનીયરીંગ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

(૨) **એશિયા પેસિફિક ઈન્સ્ટિ. ઓફ હોટેલ એન્ડ ટુરીઝમ મેનેજમેન્ટ,** એશિયા પેસિફિક હાઉસ, ૯, વિદ્યાવિહાર કોલોની, ઉસ્માનપુરા પાસે, અમદાવાદ-૩૮૦ ૦૧૩.

(૩) **સ્ટેટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ હોટેલ મેનેજમેન્ટ,** ડેન્ટલ કોલેજની પાસે, સર્વે નં. ૭૬/૧, દેથલી રોડ, ખોલવાડા, તા. સિધ્ધપુર, જિ. પાટણ-૩૮૪ ૧૫૧.

(૪) **વિવેકાનંદ ઈન્સ્ટિ. ઓફ હોટલ એન્ડ ટુરિઝમ મેનેજમેન્ટ,** 'બોધિગ્રામ', ને. હા. નં. ૮/બી, કુવાડવા રોડ, કુચિયાદળ, રાજકોટ-૩૬૦ ૦૨૩.

પ્રવેશ યોગ્યતા, પ્રવેશ માટે ઉપલબ્ધ સંસ્થાઓ અને બેઠકો, પ્રવેશ કાર્યક્રમ તેમજ અન્ય વિગતો વેબસાઈટ www.jacpcldce.ac.in ઉપર ઉપલબ્ધ છે.

તા. ૧૭-૦૬-૨૦૧૭ **— મેમ્બર સેક્રેટરી**

**હેલ્પ લાઈન નંબર ૦૭૯-૨૬૫૬૬૦૦૦**